વિકલાંગ થી વિકલાંગ અને વિકલાંગથી સામાન્ય વ્યક્તિઓને લગ્ન માટે આર્થિક સહાયની યોજના બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંકઃ- અપગ/૧૦૨૦૧૩/૮૦૩૯૯૦/ન.બા.-૮/છ-૧

સચિવાલય, ગાંધીનગર

તારીખ :- ૩૧/૭/૨૦૧૪.

<u>વંચાણે લીધા:-</u>

(૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરીનો તા.૨૫/૧૧/૨૦૧૩નો પત્ર ક્ર-સસુખા/યજન/ન.બા.-૧૪-૧૫/૨૬૬.

## <u>ઠરાવ :-</u>

નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરીએ વિકલાંગ થી વિકલાંગ અને વિકલાંગથી સામાન્ય વ્યક્તિઓને લગ્ન માટે આર્થિક સહાયની યોજના મંજૂર કરવા બાબતે ઉપર વંચાણે લીધેલ ક્રમ- (૧) સામેના પત્રથી નવી બાબતની દરખાસ્ત રજુ કરેલ જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૩/- જે અન્વયે પુખ્ત વિચારણાને અંતે વિકલાંગ થી વિકલાંગ વ્યક્તિ એકબીજા સાથે લગ્ન કરે ત્યારે રૂ.૨૦,૦૦૦/- ની આર્થિક સહાય તેમજ વિકલાંગથી સામાન્ય વ્યક્તિ એક બીજા સાથે લગ્ન કરે તેવા કિસ્સામાં પણ રૂ.૨૦,૦૦૦/- ની આર્થિક સહાય આપવા અંગેની રૂ.૧૪.૦૦ લાખની નવી બાબતને આથી નીચેની શરતોએ સરકારશ્રીની મંજૂરી (અંદાજપત્ર પ્રકાશન – ૨૪-૧, પાના નંબર-૧૬૫) આપવામાં આવે છે :-

(૧) કન્યાની ઉંમર અચૂકરીતે ૧૮ વર્ષથી ઉપર અને છોકરાની ઉંમર ૨૧ વર્ષથી વધુ હોવી જોઈએ.

(૨) આ યોજનાનો લાભ તમામ વર્ગની બહેનોને મળવાપાત્ર થશે.

(૩) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઈ અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૪) આ દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૫) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૬) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૭) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરેન્ડર કરવાની રહેશે.

(૮) આ યોજના અન્વયે નિયત કરેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) પ્રવર્તમાન યોજના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૩/૬/૨૦૧૪ અંતિત નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.એસ.મોદી )
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

(૧) માન. મંત્રીશ્રી (સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૨) અગ્રસચિવશ્રી (ખર્ચ) નાણા વિભાગ ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.

(૩) અગ્ર સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિ.વિ.ના અંગત સચિવશ્રી, સચિવાલય.

(૪) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.-૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.....બહોળી પ્રસિધ્ધિ કરવાની વિનંતી સાથે.

(૫) વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રી, બ્લોક નં.-૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૬) સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ, તમામ જિલ્લાઓ. (નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગર મારફતે)

(૭) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ.

(૮) સર્વે જિલ્લા હિસાબ અને તિજોરી અધિકારીશ્રીઓ, તમામ જિલ્લાઓ.

(૯) નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.

(૧૦) નાણા સલાહકારશ્રી, (સા.ન્યા. અને અ.વિભાગ,) બ્લોક નં.-૧૪, બીજો માળ,સચિ.,ગાંધીનગર.

(૧૧) સેકશન અધિકારીશ્રી, બજેટ / શાખા, છ-શાખા, સા.ન્યા. અને અધિ.વિભાગ, સચિવાલય,

(૧૨) સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટરસેલ / શાખા, સા.ન્યા. અને અધિ.વિભાગ, સચિ., ગાંધીનગર. વિભાગની વેબ સાઈટમાં છ-૧/શાખાના હુકમોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે.

(૧૩) સીલેક્ટ ફાઈલ, છ-૧ / શાખા.